# વલસાડ નગરપાલિકા

## Valsad Municipality

# ભરતી સમિતિ : રાજ્ય સરકારનો ઠરાવ

# Recruitment Committee: State Government Notification


| | |
|---|---|
| **પારસકુમાર મકવાણા**<br>**Paraskumar Makwana** | **પંકજ ટી. આહિર**<br>**Pankaj T. Ahir** |
| **ચીફ ઓફિસર**<br>**Chief Officer** | **પ્રમુખ**<br>**President** |
| **વલસાડ નગરપાલિકા**<br>**Valsad Municipality** | **વલસાડ નગરપાલિકા**<br>**Valsad Municipality** |

**વલસાડ નગરપાલિકા**
**આઝાદ ચોક વલસાડ –૩૯૬૦૦૧**
**ફોન નં–૦૨૬૩ ૨૨૪૨૭૦૨**
**ઈ મેઇલ– np_valsad@yahoo.co.in**
**વેબસાઇટ–**
**www.valsadmunicipality.org**

Clean & Green Valsad

**Valsad Municipality**
**Azad Chowk,**
**Valsad-396001**
**Phone : 0263 2242702**
**E-mail: np_valsad@yahoo.co.in**
**Website:**
**www.valsadmunicipality.org**

નગરપાલિકાઓમાં કર્મચારીઓની ભરતી માટે નગરપાલિકા કક્ષાએ સમિતિની રચના કરવા બાબત...

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
**ઠરાવ ક્રમાંકઃ ઇએસટી-૧૨૧૨/સિ.ફા.૩૦/આર**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૦૪/૦૯/૨૦૧૨.

**વંચાણે લીધાઃ-**

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૨૨.૦૧.૨૦૦૪ નો ઠરાવ ક્રમાંકઃ નપમ-૧૦૮૯/૧૧૨૨/આર.

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૦૧.૦૬.૨૦૧૦ નો ઠરાવ ક્રમાંકઃ મકમ-૧૩૨૦૧૦/સિ.ફા.૭/આર.

(૩) સરખા ક્રમાંકની ફાઇલ ઉપરની નિયામકશ્રી, નગરપાલિકાઓની તા.૨૮.૦૨.૨૦૧૨ ની નોંધ.

**આમુખઃ-**

રાજ્યની નગરપાલિકાઓમાં મહેકમનું લઘુત્તમ માળખું વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી નક્કી કરવામાં આવેલ છે. રાજ્યમાં શહેરીકરણની પ્રક્રિયામાં નોંધપાત્ર વેગ આવેલ છે. તેમજ નગરપાલિકાઓની સંખ્યામાં પણ વધારો થયેલ છે. સાથેસાથે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અમલમાં આવતાં વંચાણે લીધેલ ક્રમાંકઃ (૨) થી નગરપાલિકાઓના મહેકમના લઘુત્તમ માળખામાં ફેરફાર કરેલ છે. નગરપાલિકાઓ દ્વારા ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ ની કલમ-૨૭૧ હેઠળ નગરપાલિકાઓમાં કર્મચારીઓની ભરતી/બઢતીના નિયમો બનાવી તેને નિયામકશ્રી, નગરપાલિકાઓ પાસે મંજૂર કરાવી નગરપાલિકા કક્ષાએ પસંદગી સમિતિની રચના કરી પસંદગી સમિતિ દ્વારા નગરપાલિકામાં ભરતી/બઢતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. નગરપાલિકાઓ દ્વારા હાથ ધરવામાં આવતી કર્મચારીઓની ભરતી પ્રક્રિયામાં અનિયમિતતાઓ થયાની ફરિયાદો અવાર-નવાર સરકારશ્રીને મળેલ છે. આ બાબતે સરકારશ્રી સામે બીન જરૂરી લીટીગેશન અને કોર્ટ કેસ પણ ઉભા થતા હોય છે. પરિણામે ભરતી પ્રક્રિયામાં પણ વિલંબ થતો હોય છે, તેથી તેના નિવારણ માટે તેમજ ભરતી પ્રક્રિયામાં પારદર્શક્તા જાળવવા માટે દરેક નગરપાલિકામાં પસંદગી સમિતિમાં જીલ્લા કલેક્ટરશ્રીના પ્રતિનિધિની નિયુક્તિ કરીને સમગ્ર પ્રક્રિયાને પારદર્શી બનાવવા એક સમિતિનું ગઠન કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સક્રિય વિચારણાને અંતે સરકારશ્રી નીચે મુજબ ઠરાવે છે.

(P.T.O.)

**ઠરાવઃ-**

રાજ્યની દરેક નગરપાલિકામાં રાજ્યની કોમન કેડર સિવાયની બધીજ કેડરોમાં નગરપાલિકાના કર્મચારીઓની ભરતી/બઢતી માટે નીચે દર્શાવ્યાં મુજબની પસંદગી સમિતિની રચના કરવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | નગરપાલિકા દ્વારા નિયુક્ત પસંદગી સમિતિના અધ્યક્ષ (સામાન્ય સભામાં મંજૂરીને આધીન) | - | અધ્યક્ષ |
| (૨) | નગરપાલિકાના પ્રમુખશ્રી અથવા તેઓશ્રી દ્વારા નિયુક્ત સદસ્યશ્રી | - | સભ્ય |
| (૩) | નગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી | - | સભ્ય |
| (૪) | કલેક્ટરશ્રી દ્વારા નિયુક્ત કરેલ નાયબ કલેક્ટર/પ્રાંત અધિકારીશ્રી | - | સભ્ય |
| (૫) | નગરપાલિકાના મુખ્ય અધિકારીશ્રી | - | સભ્ય સચિવ |

નગરપાલિકા દ્વારા તાંત્રિક અધિકારી/કર્મચારીની ભરતી કરવાની હોય તો સમિતિની બેઠકમાં કલેક્ટરશ્રી દ્વારા સંબંધિત ક્ષેત્રના તાંત્રિક અધિકારીને આમંત્રિત સભ્ય તરીકે સમાવવાના રહેશે.

દરેક નગરપાલિકાએ આ ઠરાવનો અમલ કરીને તેની જાણ તુરત જ-વખતો વખત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને કરવાની રહેશે.

જે નગરપાલિકાઓ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરાયેલ હોય તે નગરપાલિકાની પસંદગી સમિતિએ તેની સમીક્ષા કરી યોગ્ય હોય તો તે માન્ય રાખવા અન્યથા પ્રક્રિયા રદ્દ કરી નવેસરથી પસંદગી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અશોકસિંહ પરમાર)
ઉપસચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

પ્રતિ,

- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી(શ.વિ.)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શ.વિ.)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

- અગ્રસચિવશ્રી(શ.વિ.)ના રહસ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ, રાજકોટ.
- સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર.
- પ્રમુખશ્રી/મુખ્ય અધિકારીશ્રી, સર્વે નગરપાલિકાઓ. **(મારફતઃ-નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર)**
- ગુજરાત નગરપાલિકા પરિષદ, ગાંધીનગર.
- શાખા પસંદગી ફાઇલ.
- ના.સે.અ. સી.ફા.